ક્રિમિનલ કેસ નંબરઃ- ૬૪૩/૨૦૨૫

# મુખ્ય સિવિલ ન્યાયાધીશ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ ન્યાયાલય, અમીરગઢ, બનાસકાંઠા

**ફરિયાદીઃ-** **શ્રી સરકાર**

**વિરુદ્ધ**

**આરોપી/ઓઃ-** **નાગજીજી સરદારજી ઠાકોર**

**ગુન્હોઃ- ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટ, ૧૯૪૯ ની કલમ ૬૫એએ મુજબ**

**-:: હુકમ ::-**

**૧.** આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ઉપરોક્ત મુજબ નો ગુન્હો કરેલ હોય આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો હોય, ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે. ચાર્જશીટ રજુ થતાં આરોપીને સમન્સ કરતાં, અદાલતમાં હાજર થયેલ છે. પોલીસ કાગળોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આરોપી તરફે ગુન્હો કબૂલ કરવા માંગે છે કે કેમ? તે અંગે પૂછતાં આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબૂલ કરવા માંગતા હોવાનું જણાવેલ છે, જે અંગેની પુરસીસ રજુ કરી, ગુન્હાની સ્વેચ્છાપૂર્વક કબૂલાત કરેલ હોય તે અન્વયે આરોપીનું નિવેદન રેકર્ડ કરતાં સ્વેચ્છાપૂર્વક ગુન્હો કબૂલ કરેલ છે.

**૨.** વર્તમાન આરોપી સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરતાં હોય, કાયદા મુજબ સજા અંગે સાંભળવામાં આવેલ છે. મૌખિક રીતે અદાલત સમક્ષ જણાવેલ છે કે, પ્રથમવારનો ગુન્હો છે અને ફરી ભવિષ્યમાં આવો ગુન્હો ન કરવાની ખાત્રી આપે છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫, જી. એલ. આર. પાન નં. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંતને ફરી દોહરવીને તાજેતરમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિ. સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩ (૨) ૯૭૪** ના પારા ૪ માં એવું ઠરાવેલ છે કે અદાલત ખાસ અને પૂરતાં કારણો ધ્યાને લઈ ઓછી સજા કરી શકે છે. આ કામે આરોપીએ જે કારણો જણાવેલ છે તે આ અદાલતના નમ્રપણે માનવ મુજબ સજા ઓછી કરવા માટે પૂરતાં છે. આથી, ન્યાયના હિતમાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક કરેલ ગુન્હાની કબુલાત અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** આ કામના આરોપી/ઓ ને તેઓની વિરુદ્ધના ઉપરોક્ત મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, **રૂ. ૫૦૦/- (અંકે રૂ. પાંચ સૌ)** લેખેનો દંડ કરવામાં આવે છે. દંડની રકમ જમા કરાવવામાં કસૂર કર્યેથી દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવી.

**(૨)** આ કામે કોઇ બિનકીમતી મુદ્દામાલ હોય તો તેનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે અને અન્ય કોઇ મુદ્દામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે, અને જો કોઇ વચગાળાનો હુકમ થયેલ ન હોય તો માલિકીની ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** હુકમની એક નકલ આરોપીને વિના મૂલ્યે પૂરી પાડવી.

હુકમ તારીખ **૧૪મી**, માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી લોક અદાલતની સ્પે. સિટિંગમાં, વાંચી, સંભળાવી મારી સહી/સિક્કો કરીને જાહેર કરવામાં આવેલ છે.

**(બી. એસ. ગહલોત)**
પ્રિન્સિપલ સિવિલ જજ અને
જે.એમ.એફ.સી., અમીરગઢ

તા. ૧૪/૦૩/૨૦૨૬
નેશનલ લોક અદાલતની સ્પેશ્યલ સિટિંગ.